સુરત, રાજકોટ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિ

# ગુજરાત સમાચાર

તંત્રી : બાહુબલી શાહ ▸ સંવત ૨૦૬૨, શકે ૧૯૨૮, ભાદરવા સુદ-૧૨ વર્ષ: ૨૫, અંક : ૨૨૯ ▸ http://www.gujaratsamachar.com ▸ ટે.નં. ૨૪૯૨૧૬૪૦, ફેક્સ. ૨૪૯૩૮૧૮૧ MUMBA

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, શાહ એન્ડ નાહર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લોઅર પરેલ, મુંબઈ-૧૩ ▸ પો.બો.નં.૧૬૩૨૫, R.N.I.Reg. No. 46931/

**વીજળીની અછત નિવારવા**

## થાણેમાં બંધાતા કોમ્પ્લેક્સમાં મકાન પર પવનચક્કી ઊભી કરવાનો પ્રયોગ

દેશભરમાં વીજળીની અછત વરતાઈ રહી છે ત્યારે થાણેમાં બંધાઈ રહેલા આલીશાન રહેણાક કોમ્પ્લેક્સના બિલ્ડરોએ વીજતંગી નિવારવા પવનચક્કીઓ મૂકવાનો ઉપાય અપનાવ્યો છે.

થાણેના પોખરણ વિસ્તારમાં વિનાયક ડેવલપર્સ દ્વારા બંધાઈ રહેલા 'મહાવીર મિલેનિયમ' કોમ્પ્લેક્સમાં અત્યારે એક પવનચક્કી ઊભી કરવામાં આવી છે. જેના મારફત દરરોજ ૭.૨ કિલોવોટ વીજળી પેદા થાય છે.

જોકે આ પવનચક્કીનો ઉપયોગ અત્યારે ટ્યુબલાઈટો અને બલ્બો વડે બાંધકામના સ્થળ પર રોશની રેલાવવા થઈ રહ્યો હોવા છતાં આ એક જ યુનિટ ૧૦ કલાક સુધી ૨૦ વોટના ૨૦ બલ્બ પ્રકાશિત કરવાની ક્ષમતા ધરાવે છે.

બીજી રસપ્રદ હકીકત એ છે કે આ પવનચક્કીની નીચે સૌરશક્તિની પેનલો પણ મૂકવામાં આવી છે, જે વિદ્યુતના બીજા સ્રોત તરીકે કામ કરે છે. આ ઊર્જા સસ્તી, સ્વચ્છ, વિપુલ અને મફતમાં ઉપલબ્ધ છે. લાંબા ગાળે તે ફ્લેટધારકો માટે ખૂબ જ રાહતરૂપ અને પર્યાવરણની દ્રષ્ટિએ પણ અનુકૂળ થઈ પડે તેવી છે, એમ આ ડેવલપર્સ કંપનીના એક ભાગીદાર વિરલ શાહે જણાવ્યું હતું.

**આ ઊર્જાસ્રોત, વિપુલ અને મફત હોવાથી ફ્લેટમાલિકો માટે આશીર્વાદરૂપઃ બિલ્ડર્સ**



શાહે વધુમાં કહ્યું હતું કે ૧૫ માળનાં ત્રણ અને આઠ માળનાં ત્રણ મકાનોવાળા કોમ્પ્લેક્સના દરેક મકાનની ટેરેસ પર એક પવનચક્કી મુકાશે અને તેમાંથી પેદા થનારી વીજળી કોમ્પ્લેક્સની નિસરણીઓ પેસેજોની લાઈટો માટે અને વધુ ક્ષમતા ઉપલબ્ધ થશે, તો લિફ્ટ્સ ચલાવવા માટે પણ વાપરવામાં આવશે.

જોકે આ પર્યાવરણલક્ષી વીજસ્રોત ઊભા કરવા માટે પવનચક્કી દીઠ રૂ. બે લાખથી રૂ. ૧૨ લાખનો ખર્ચ તેમના કદ અને જરૂરત મુજબ કરવો પડશે. પરંતુ તેની જાળવણીનો ખર્ચ ઓછો હોવાથી લાંબા ગાળે આશીર્વાદરૂપ નીવડશે, એમ પવનચક્કી બેસાડનારી કંપની સુપરનોવા ટેકનોલોજીઝના મેનેજરે જણાવ્યું હતું.

થાણે પાલિકા પણ વીજળી પેદા કરવાના આ વિકલ્પથી ખુશ છે અને બિલ્ડરોને પ્રોત્સાહન આપવા મિલકતવેરા વગેરેમાં રાહત આપવા વિચારી રહી હોવાનું થાણેના મેયર રાજન વિચારેએ કહ્યું હતું.